**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

**ગુજરાતની ઉચ્ચ અદાલત, અમદાવાદ સમક્ષ**

**ફોજદારી અપીલ નં. ૧૦૭૮/૨૦૦૩**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી કે.જે.ઠાકર સહી/-**

==========================================================

૧ શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની પરવાનગી આપી શકાય? હા

૨ રિપોર્ટરને જાણ કરવા યોગ્ય છે કે કેમ ? હા

૩ શું નામદાર ન્યાયાધીશો ચુકાદાની આખરી નકલ જોવા ઈચ્છે છે? ના

૪ શું આ કેસમાં ભારતના બંધારણના અથવા તે હેઠળ કરવામાં આવેલ કોઈ આદેશના અર્થઘટન અંગે કાયદાનો કોઈ મહત્વનો પ્રશ્ન સંકળાયેલો છે? ના

================================================================

ગુજરાત રાજ્ય....અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

જયેશકુમાર રમણિકલાલ જાની....સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ)

================================================================

હાજરી:

કુ. મોનાલી એચ. ભટ્ટ, અધિક સરકારી વકીલ, અપીલકર્તા(ઓ) નં. ૧ તરફે

શ્રી આશિષ એમ. ડગલી, વકીલ, સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ) નં. ૧ તરફે

================================================================

**સમક્ષ: માનનીય શ્રી ન્યાયમૂર્તિ કે.જે.ઠાકર**

તારીખ : ૧૯/૦૩/૨૦૧૫

મૌખિક ચુકાદો

૧. અપીલકર્તા – રાજ્ય તરફે વિદ્ધાન અધિક સરકારી વકીલ કુ. મોનાલી એચ. ભટ્ટ અને પ્રતિવાદી તરફે વિદ્ધાન વકીલશ્રી શ્રી આશિષ એમ. ડગલીને સાંભળ્યા.

૨. આ અપીલ દ્ધારા, અપીલકર્તા – રાજ્ય, વિદ્ધાન બીજા ફાસ્ટ ટ્રેક ન્યાયાધીશ, અમરેલીના સ્પેશ્યલ કેસ નં. ૭૨/૧૯૯૬ માં તારીખ ૦૭.૦૬.૨૦૦૩ ના નિર્દોષ છુટકારાના ચુકાદા અને આદેશથી વ્યથિત થયા છે, જેના દ્ધારા અહીંના પ્રતિવાદીને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ (જેનો હવે પછી ટૂંકમાં 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ છે) ની કલમ ૭, ૧૩(૧)(જી) સાથે વંચાણે લેતાં કલમ ૧૩(૨) હેઠળના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા હતા.

૩. આ કેસની ટૂંકી હકીકત નીચે મુજબ છે :–

ફરિયાદી મજૂરીકામ કરીને પોતાના પરિવારનું ભરણપોષણ કરતા હતા. સરકારે 'કુંવરબાઈનું મામેરું' યોજના હેઠળ પછાત વર્ગના સમુદાયના લોકોને રૂ. ૫,૦૦૦/– ની રકમ આપવાની જાહેરાત કરી હતી.

ફરિયાદી અને તેમનો પરિવાર આ સમુદાયના છે. આથી, આ નાણાં મેળવવાના હેતુસર, ફરિયાદીના પિતાએ ફરિયાદ નોંધાવ્યાના આશરે ૮–૧૦ મહિના અગાઉ સમાજ કલ્યાણ વિભાગ, અમરેલી ખાતે ફોર્મ ભર્યું હતું.

વધુમાં, ફરીયાદપક્ષનો કેસ એવો છે કે ફરિયાદના આશરે ૧૫ દિવસ અગાઉ, અમરેલીના સમાજ કલ્યાણ વિભાગના એક અધિકારી ગામમાં આવ્યા હતા અને ફરિયાદીના પિતાનો અંગૂઠાનો નિશાન લીધા બાદ તેમને ૨,૦૦૦/– રૂપિયાનો ડ્રાફ્ટ આપ્યો હતો. ફરિયાદીના પિતાને જણાવવામાં આવ્યું હતું કે વધુ ૩,૦૦૦/– રૂપિયાની રકમ કિસાન વિકાસ પત્રના સ્વરૂપમાં આપવામાં આવશે. વધુમાં એવું જણાવવામાં આવ્યું હતું કે સદરહુ કિસાન વિકાસ પત્ર એક અઠવાડિયા પછી સમાજ કલ્યાણ નિરીક્ષકની કચેરીએ મોકલી આપવામાં આવશે અને ફરિયાદીના પિતાએ સદરહુ કચેરીમાંથી તે મેળવી લેવાના રહેશે.

ત્યારબાદ, ડ્રાફ્ટની રકમ વટાવવામાં આવી હતી. પછી સમાજ કલ્યાણ વિભાગ, અમરેલીના ઉક્ત અધિકારીની સલાહ મુજબ, ફરિયાદી ખાંભા ગયા અને સમાજ કલ્યાણ નિરીક્ષક – આ કેસના પ્રતિવાદીને મળ્યા અને તેમની બહેન માટે ઉક્ત યોજના હેઠળ

કિસાન વિકાસ પત્ર મેળવવા અંગે તેમની પાસેથી પૂછપરછ કરી. એવો આક્ષેપ છે કે આ કેસના પ્રતિવાદીએ આ કેસના ફરિયાદીને જણાવ્યું હતું કે કિસાન વિકાસ પત્ર કચેરીમાં મળી ગયા હતા અને ફરિયાદી તે ગામમાં તેમના ઘરેથી મેળવી શકે છે. ફરિયાદીને રૂ. ૨૦૦/= ની રકમ સાથે લાવવા માટે પણ જાણ કરવામાં આવી હતી.

ફરિયાદી રકમ ચૂકવવા માંગતા ન હતા અને તેથી, તેમણે એ.સી.બી.નો સંપર્ક કર્યો. એ.સી.બી.એ છટકું ગોઠવ્યું અને છટકાની સફળતા બાદ, વિદ્વાન સહાયક ન્યાયાધીશે પ્રતિવાદી વિરુદ્ધ ઉપરોક્ત ટાંકેલા ગુનાઓ હેઠળ આરોપનામું દાખલ કર્યું અને મુકદ્દમાના અંતે, વિદ્વાન ન્યાયાધીશે પ્રતિવાદી આરોપીને નિર્દોષ છોડી મૂક્યા. આથી, આ અપીલ.

૪. ફરિયાદ પક્ષે સાક્ષીઓને તપાસ્યા હતા અને અનેક મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ પર આધાર રાખ્યો હતો, જેમાંથી કેટલાક નીચે મુજબ છે :–

| **વિગતો** | **આંક** |
|---|---|
| ફરિયાદી જીવરાજભાઈ આલાભાઈ | ૮ |

| | |
|---|---|
| પંચ પંકજકુમાર બાલુભાઈ ગોહિલ | ૧૯ |
| દરોડો પાડનાર એ.સી.બી. ઇન્સ્પેક્ટર, ગોવિંદભાઈ ચાવડા | ૧૬ |
| તપાસ અધિકારી – દિલીપભાઈ શાંતિલાલ મહેતા | ૨૨ |
| ફરિયાદ | ૧૭ |
| પાડવામાં આવેલ દરોડાનું પંચનામું | ૧૧ |
| સમાજ કલ્યાણ અધિકારી અને સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ | ૧૨ |
| બચુભાઈ રામભાઈ પરમાર અને તેમની પુત્રી મંજુલાબેન કુવરભાઈ દ્વારા કરવામાં આવેલી અરજીઓ | ૧૩ |
| પ્રતિવાદીના અભિયોજન અંગે સંબંધિત વિભાગની મંજૂરી | ૧૫ |

૫. ઉપરોક્ત હકીકતોની પૃષ્ઠભૂમિમાં, વિદ્વાન અધિક સરકારી વકીલ સુશ્રી મોનાલી એચ. ભટ્ટે રજૂઆત કરી છે કે વિદ્વાન ન્યાયાધીશે એ જોવું જોઈતું હતું કે આ કેસમાં માંગણી, સ્વીકાર અને વસૂલાતના તમામ તત્વો સાબિત થાય છે. વધુમાં, ફરિયાદીએ આરોપીની માંગણી

પર રૂ. ૨૦૦/= આપ્યા હતા જેના પર એન્થ્રેસીન પાવડર લગાવેલો હતો. લાંચની રકમનો આ સ્વીકાર પ્રાથમિક પંચનામા દ્વારા સાબિત થાય છે, જેમાં ચલણી નોટનો નંબર દર્શાવેલ છે. આરોપીના હાથ અને શર્ટ પર પણ એન્થ્રેસીન પાવડરના ડાઘ હતા. એવી પણ રજૂઆત કરવામાં આવે છે કે વિદ્વાન ન્યાયાધીશે આંક ૮ પરની ફરિયાદીની જુબાની, આંક ૧૦ પરની પંચ સાહેદની જુબાની અને આંક ૧૬ પરની રેડ કરનાર અધિકારીની જુબાની ધ્યાનમાં લેવી જોઈતી હતી. વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે ફરિયાદી પોતે ફરી ગયેલ પરંતુ ફરિયાદ પક્ષ માટે તેને ફરી ગયેલ સાહેદ જાહેર કરતાં પહેલાં, તેણે એ હકીકત સ્વીકારી હતી કે માંગણી હતી અને તે માંગણી એક ચોક્કસ રકમ માટે હતી. ઉપરાંત, પંચોએ એ હકીકતને સમર્થન આપ્યું છે કે ચલણી નોટો આરોપી પાસેથી મળી આવી હતી. તે દર્શાવે છે કે વિદ્વાન ન્યાયાધીશે ગંભીર ગુનાઓ માટે પ્રતિવાદીને નિર્દોષ છોડી મૂકવામાં તર્કવિરુદ્ધતા આચરી છે. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા, એવી રજૂઆત કરવામાં આવે છે કે આ એક યોગ્ય કિસ્સો છે જેમાં અદાલતે ૨જા ફાસ્ટ ટ્રેક ન્યાયાધીશ, અમરેલીનો ચુકાદો અને આદેશ ઉલટાવી દેવો જોઇએ.

૬. આથી વિરુદ્ધ, પ્રતિવાદી તરફેના વિદ્વાન વકીલ શ્રી આશિષ એમ. ડાગલીએ આ અદાલતનું ધ્યાન પંચનામા પર દોર્યું છે. પ્રતિવાદી પર

વર્ષ ૧૯૯૬ માં આરોપ મૂકવામાં આવ્યો હતો. તેમણે એ રજૂઆત પર ભારપૂર્વક આધાર લીધો છે કે બે પંચોમાંથી ફક્ત એક જ પંચને તપાસવામાં આવ્યા હતા. મને એ સમજાતું નથી કે જ્યારે પંચનામું અને તેની વિગતો સ્વીકારવામાં આવી હોય, ત્યારે અદાલતે બીજા પંચ સાક્ષીઓને બોલાવવામાં શા માટે પોતાનો સમય બગાડવો જોઈએ? ભલે ગમે તે હોય, વિદ્ધાન વકીલ શ્રી આશિષ એમ. ડાગલી દ્ધારા તે પાસા પર ઘણો સમય ફાળવવામાં આવ્યો હતો. જોકે, હકીકત એ છે કે એક પંચને તપાસવામાં આવ્યો હતો, તેના પુરાવાને અવગણી શકાય નહીં. વિદ્ધાન વકીલ શ્રી આશિષ એમ. ડાગલીની આ દલીલ સ્વીકારી શકાય નહીં.

દલીલનો બીજો મુદ્દો એ છે કે ફરિયાદી પોતે જ ફરી ગયેલા જાહેર થયા છે.

ત્રીજું પાસું એ છે કે જો એન્થ્રેસીન પાવડર હોત, તો પ્રતિવાદીએ ચલણી નોટો ફેંકી દીધી તે સમયે તે ત્યાં હોત અને તે જગ્યાએ પણ એન્થ્રેસીન પાવડર હોત. તેમણે વધુમાં રજૂઆત કરી છે કે ફરિયાદ પક્ષ પંચ સાક્ષી અને પોલીસ સાક્ષી પર આધાર રાખી રહ્યો હતો. તેઓ આ અપીલમાં સફળ થશે નહીં કારણ કે વિદ્ધાન વકીલ શ્રી આશિષ એમ. ડગલીના મત મુજબ, બે મતને અવકાશ નથી. તેમણે નીચેના નિર્ણયો પર આધાર રાખ્યો હતો:-

ક) **એમ.આર. પુરુષોત્તમ વિ. કર્ણાટક રાજ્ય, ૨૦૧૫ ક્રિમિનલ લૉ જર્નલ ૭૨** માં નોંધાયેલ,

ખ) **સી. સુકુમારન વિ. કેરળ રાજ્ય, ૨૦૧૫ (૧) ક્રાઇમ્સ ૧૩૦ (એસસી)** માં નોંધાયેલ અને

ગ) **પ્રવીણભાઈ ટપુભાઈ પટેલ અને અન્ય વિ. ગુજરાત રાજ્ય અને અન્ય, ૧૯૮૬ જી.એલ.એચ. (યુ.જે.) ૧૮** માં નોંધાયેલ.

આથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે વિદ્વાન ન્યાયાધીશના સુવિચારિત ચુકાદા અને આદેશમાં દખલગીરી માટે કોઈ અવકાશ નથી.

૭. આ તબક્કે, માનનીય સર્વોચ્ચ અદાલતના નિર્ણયમાંથી પસાર થવું સુસંગત છે

**સતવીર સિંહ વિ. ના કેસમાં અદાલત દિલ્હી રાજ્ય સીબીઆઈ દ્વારા ૨૦૧૪ સર્વોચ્ચ અદાલત ૩૭૯૮** માં નોંધાયેલ , જેમાં આરોપીની અપીલ મંજૂર કરવામાં આવી હતી.

સંબંધિત ભાગો નીચે મુજબ પુનઃ રજૂ કરવામાં આવે છે :–

ગેરકાયદેસર પરિતોષ ધરાવતી કાળા રંગની રેક્ઝિનની થેલી, જે તારીખ ૦૮.૦૭.૧૯૮૯ ના રોજ આરોપીના નિવાસસ્થાને સ્ટીલના ખાટલા પર રાખવામાં આવી હતી, તે આરોપીના અંગકબ્જામાંથી મળી આવી ન હતી. તેથી, અપીલકર્તા પાસેથી ગેરકાયદેસર પરિતોષનો સ્વીકાર કે તેની વસૂલાત સાબિત થતી નથી. વધુમાં, અપીલકર્તા તરફે વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા આ અદાલતના ચુકાદાઓમાંથી ઉપર ટાંકવામાં આવેલા સંબંધિત ફકરાઓ પર લેવામાં આવેલો આધાર હકીકતલક્ષી પરિસ્થિતિને યોગ્ય રીતે લાગુ પડે છે. તેથી, અપીલકર્તાને ચૂકવવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે તે ગેરકાયદેસર પરિતોષની માંગણી, સ્વીકાર અને વસૂલાત ફરિયાદ પક્ષ દ્વારા સાબિત કરવામાં આવી નથી. આમ, નીચલી અદાલતે રેકર્ડ પરના મૌખિક અને દસ્તાવેજી પુરાવાની એકંદરે મૂલવણી કર્યા બાદ યોગ્ય તારણ કાઢ્યું છે અને હકીકતલક્ષી તારણો નોંધીને ઠરાવ્યું છે કે અપીલકર્તા પાસેથી પરિતોષની માંગણી, સ્વીકાર અને વસૂલાત સાબિત થતી નથી, તેથી, અધિનિયમની કલમ ૨૦ હેઠળ કોઈ

પૂર્વધારણા ઉપસ્થિત થતી નથી. વિદ્વાન નીચલી અદાલતના ન્યાયાધીશે પોતાના ચુકાદામાં યોગ્ય રીતે ઠરાવ્યું છે કે નિર્દોષ હોવાની પૂર્વધારણા અપીલકર્તાની તરફેણમાં છે અને તેમને ગુણદોષ પર નિર્દોષ છોડવામાં આવ્યા હતા.

૩૯. ઉપરોક્ત હકીકતો અને રેકર્ડ પરના પુરાવાનું કાળજીપૂર્વક અવલોકન કર્યા પછી અને સા.પુ.-૨, સા.પુ.-૩ અને સા.પુ.-૯ ના પુરાવાના ઉતારેલા ભાગના સંદર્ભમાં પક્ષકારો વતી કરવામાં આવેલી ઉપરોક્ત પરસ્પર વિરોધી કાયદાકીય દલીલોની કાળજીપૂર્વક તપાસ કર્યા પછી, અમારો સુવિચારિત મત છે કે ફરિયાદ પક્ષ, અપીલકર્તા દ્વારા ફરિયાદી સા.પુ.-૨ પાસેથી ગેરકાયદેસર પરિતોષની માંગણી અને સ્વીકાર સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે, જેના પુરાવા પર પ્રતિવાદીના વિદ્વાન વકીલ દ્વારા ખૂબ આધાર રાખવામાં આવ્યો છે.

૪૦. તે અનુસાર, અમે મુદ્દા નં. ૨ નો જવાબ અપીલકર્તાની તરફેણમાં આપીએ છીએ કે નિર્દોષ છૂટકારાના ચુકાદા અને આદેશને ઉલટાવવા માટે

વડી અદાલત દ્વારા અપીલીય અધિકારક્ષેત્રનો ઉપયોગ માત્ર ભૂલભરેલો જ નથી પરંતુ કાયદાકીય ત્રુટિથી પણ ગ્રસ્ત છે અને રદ કરવાને પાત્ર છે. તે અનુસાર, અમે મુદ્દા નં. ૧ અને ૨ નો જવાબ અપીલકર્તાની તરફેણમાં આપીએ છીએ.

<u>મુદ્દો નં.૩.</u>

૪૧. અમે પક્ષકારો વતી રજૂ કરાયેલા કાનૂની પુરાવા અને વિરોધી કાનૂની દલીલોને ધ્યાનમાં લીધા પછી મુદ્દા ક્રમાંક ૧ અને ૨ નો જવાબ અપીલકર્તાની તરફેણમાં આપ્યો છે. અમે અપીલકર્તા વતી વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા કરવામાં આવેલી સુસ્થાપિત રજૂઆતોને સ્વીકાર્યા પછી ઉપરોક્ત તારણો પર આવ્યા છીએ. મુદ્દા ક્રમાંક ૧ અને ૨ પરના અમારા તારણો અને કારણોને ધ્યાનમાં લેતા, પ્રતિવાદી વતી વિદ્વાન વકીલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો ફગાવી દેવામાં આવે છે, કારણ કે તે કાયદાની દ્રષ્ટિએ સંપૂર્ણપણે ટકી શકે તેમ નથી.

૮. સંબંધિત પક્ષકારોના વિદ્વાન વકીલોને સાંભળ્યા બાદ અને કેસના રેકર્ડનું અવલોકન કર્યા બાદ, એ સત્ય અને સુસ્થાપિત છે કે

ભ્રષ્ટાચારને ડામવો જોઈએ, પરંતુ શું તે અટકળો અને અનુમાનો પર આધારિત હોવું જોઈએ? સર્વોચ્ચ અદાલત અને આ અદાલત દ્વારા અનેક ચુકાદાઓમાં, જેનો ઉલ્લેખ કરવો જરૂરી નથી, એવું ઠરાવવામાં આવ્યું છે કે આ અદાલતે એ પરિસ્થિતિ પ્રત્યે સજાગ રહેવું જોઈએ કે કોઈ નિર્દોષ વ્યક્તિ છટકામાં ફસાઈ ન જાય. આ એક ઉત્તમ ઉદાહરણરૂપ કિસ્સો છે જ્યાં પ્રતિવાદી ફરિયાદીને મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ બાબત પુરાવાથી સિદ્ધ થાય છે.

વિદ્વાન ન્યાયાધીશના સમગ્ર ચુકાદાનો અભ્યાસ કર્યા બાદ અને **સતવીર સિંઘ (ઉપરોક્ત)** ના કેસમાં સર્વોચ્ચ અદાલતના નિર્ણયની કસોટી પર, હું એવા મંતવ્ય પર છું કે કોઈ માંગણી ન હતી. પંચ સાક્ષીના પુરાવાથી એ પણ ફલિત થાય છે કે તેની હાજરીમાં કોઈ માંગણી કરવામાં આવી ન હતી. આરોપી ઓરડામાં ગયો અને ફરિયાદીની સહી મેળવવા માટે કિસાન વિકાસ પત્ર બહાર કાઢ્યું. પંચે તેની ઊલટતપાસમાં ખૂબ જ સ્પષ્ટપણે એ હકીકત સ્વીકારી છે કે તેને એન્થ્રેસીનના નિશાન હતા કે કેમ તેની જાણ ન હતી, તેને એ પણ જાણ નથી કે પંચનામું કોણે લખ્યું હતું અને જ્યારે તેને ફરી ગયેલ સાક્ષી જાહેર કરવામાં આવ્યો, ત્યારે તેણે ફરિયાદ પક્ષના કથનને નબળું પાડ્યું હતું.

૯. પ્રસ્તુત કેસમાં, આ અદાલત પ્રતિવાદીને નિર્દોષ છોડી મૂકતી વખતે નીચલી અદાલત દ્વારા આપવામાં આવેલા કારણો અને નોંધવામાં આવેલા તારણો સાથે સંપૂર્ણપણે સહમત છે અને ઉક્ત કારણો તેમજ ઉપરોક્ત કારણોને અપનાવતા, મારા મતે, વિવાદાસ્પદ ચુકાદો ન્યાયી, કાયદેસર અને યોગ્ય છે અને આ તબક્કે આ અદાલત દ્વારા તેમાં કોઈ હસ્તક્ષેપની જરૂર નથી.

૧૦. ઉપરોક્ત સંજોગોમાં, સ્પેશિયલ કેસ નં.૭૨/૧૯૯૬ માં વિદ્વાન ૨જા ફાસ્ટ ટ્રેક ન્યાયાધીશ, અમરેલીનો તારીખ ૦૭.૦૬.૨૦૦૩ નો નિર્દોષ છૂટકારાનો ચુકાદો અને આદેશ કાયમ રાખવામાં આવે છે. પ્રતિવાદીને તેમની સામે મૂકવામાં આવેલા આરોપોમાંથી નિર્દોષ છોડી મૂકવામાં આવે છે.

૧૧. આથી, આ અપીલ ગુણદોષ રહિત હોવાથી કાઢી નાખવાને પાત્ર છે. જામીન અને જામીનખત, જો કોઈ હોય તો, રદ કરવામાં આવે છે. રેકર્ડ અને કાર્યવાહી, જો કોઈ હોય તો, તાત્કાલિક સંબંધિત નીચલી અદાલતને મોકલી આપવામાં આવે.

સહી/-

(કે.જે. ઠાકર, ન્યાયાધીશ)

*The translation of this judgment has been provided by*

*M/s Hyperlink E-Solutions Pvt. Ltd.*

=============================================================

**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

***DISCLAIMER:*** *The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.*